# જેમ બાળક બાપ પર વિશ્વાસ રાખે છે જલન એમ એના પર તને વિશ્વાસ હોવો જોઈએ!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

હિરેનભાઈને ત્યાં દીકરીનો જન્મ થયો, એમાં તો હિરેનભાઈ હિલ્લોળે ચડ્યા! એક તો લાંબા ગાળે એટલે કે લગ્નના સાત વરસ પછી એમને ત્યાં સંતાનનો જન્મ થયો અને એમાંય દીકરી જન્મી- આ બન્ને વાત એમનાથી જીરવાતી નહોતી. રાજકોટની રૈયા રોડ પરની ને રૈયા ચોકડી નજીકની યોગીનગર સોસાયટીની શેરી નંબર પાંચના મકાન નંબર પાંચમાં એ વરસોથી રહેતા હતા પણ એમના ઘેર જમવા આવનારા ભાગ્યે જ કોઈ વિરલા હતા!

દીકરીના જન્મ પછી હિરેનભાઈએ મોટી પાર્ટી રાખી. મિત્રો, યોગીનગરની શેરી નંબર પાંચના બધા રહેવાસીઓ, એમની ફેક્ટરીના ગ્રાહકો, વેપારીઓ-લગભગ 300 માણસનો જમણવાર રાખીને એમણે બધાને ખુશ કરી દીધા. એમની પત્ની શીલા પણ ખુશખુશાલ હતી. આમ તો ઘરમાં કામવાળી હતી એટલે એને વધારે કામ રહેતું નહીં પણ હવે દીકરીના જન્મ પછી શીલાનું કામ વધી ગયું. લગભગ આખો દિવસ એ દીકરીની સંભાળ રાખવામાં જ વ્યસ્ત રહેતી. હિરેનભાઈને શાપરમાં બેરિંગ બનાવવાની ફેક્ટરી હતી એટલે એ તો રોજ સવારના નવેક વાગ્યે ટિફિન લઈને ગાડી મારી મૂકે, સીધેસીધો રોડ હતો એટલે અડધા કલાકમાં તો એ ફેક્ટરી પર પહોંચી પણ જાય. સાંજના એમનો આવવાનો ટાઈમ નક્કી નહીં. ગ્રાહકો ઉપર એ સમય આધારિત હતો એટલે ક્યારેક એ સાતેક વાગ્યે પણ આવી જતા ને ક્યારેક રાતના નવ પણ વાગી જતા.

જો કે દીકરીના જન્મ પછી એમના ક્રમમાં પણ ફેરફાર થયો. હવે એ સાડા સાત કે બહુ બહુ તો રાતના આઠ વાગ્યે તો અચૂક ઘેર આવી જ જતા.

હવે આવીને તરત એમનું પહેલું કામ ઘોડિયામાં રમતી એમની દીકરીના ગાલે બચી ભરવાનું હતું. પછી એને ઘોડિયામાંથી બહાર કાઢીને એ રમાડતા, એને હસાવતા અને પછી કપડાં બદલીને જમવા બેસતા.

“તમે દીકરીની પાછળ ઘેલા બની ગયા છો!” શીલા ક્યારેક એમને ટકોરતી, “આટલું બધું વ્હાલ સારું નહીં, તમારી નજર લાગી જશે મારી દીકરીને”

“લે કર વાત,” હિરેનભાઈ હસીને જવાબ વાળતા, “એ મારી દીકરી નથી? ને કદી દીકરીને બાપની નજર લાગે?”

“સારું હવે, જમી લો જલ્દી,” શીલા જવાબ આપતી, “પછી પેલી કામવાળીને વાસણ ઘસવાનું મોડું થશે.”

એ બન્નેનાં જીવનમાં હવે એક મોટો ફેરફાર થયો. અત્યાર સુધી બન્ને લગભગ પંદર દિવસે ફિલ્મ જોવા જતા, યાજ્ઞિક રોડ ઉપર ખરીદી કરવા જતા, ક્યારેક પ્રદ્યુમનપાર્ક જોવા જતા, ક્યારેક ગાડી લઈને ગોંડલ ભુવનેશ્વરી માતાના દર્શન કરવા પણ ઊપડી જતાં પણ, હવે દીકરીના આગમન પછી એ બધા કાર્યક્રમોનો તાકો સંકેલાઈ ગયો! દીકરી છએક મહિનાની ન થાય ત્યાં સુધી એને લઈને બહાર ન જવું એવું બધાએ એમને સૂચવેલું ને હજી તો દીકરીને અવતરણનો પહેલો મહિનો પૂરો થયો.

“આપણે એનું નામ પાડીશું ને હવે?” શીલાએ એક રાત્રે હિરેનભાઈને પૂછ્યું, “તમે કંઈ વિચાર્યું છે નામ માટે?”

“મેં તો કંઈ વિચાર્યું નથી,” હિરેનભાઈ બોલ્યા, “તેં વિચાર્યું હોય તો કહે, આપણે એ જ નામ રાખીશું.”

“મેં પણ વિચાર્યું નથી.” શીલા બોલી, “તમારા પેલા ભાઈબંધ છે ને ઢસામાં, એમને પૂછી લે, એ કહે એ નામ પાડીએ.” હિરેનભાઈએ તરત જ ઢસા કવિમિત્રને ફોન લગાડ્યો. દીકરીની રાશિ મેષ છે અને એવી તો ધોળી ધોળી ને રૂપાળી છે કે ઘોડિયામાં જાણે અજવાળું અજવાળું દેખાય છે આમ કહ્યું.

“તો એક કામ કર,” કવિમિત્રે કહ્યું, “એનું નામ આભા રાખી દે.”

હિરેનભાઈ અને શીલા-બન્નેને આભા નામ ગમ્યું ને દીકરીનું નામકરણ આભા થઈ પણ ગયું. સમય પસાર થતો ગયો. આભા હવે ત્રણ વરસની થઈ ગઈ. હવે તો એ શેરી નંબર પાંચમાં દોડાદોડી કરવા લાગી. આખો દિવસ ધૂળમાં રમી રમીને એ એવી થાકી જતી કે, રાત્રે ઘસઘસાટ ઊંઘી જતી.

આભા પાંચ વરસની થઈ એટલે એને નિશાળે બેસાડવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો.

“આપણે એને કઈ સ્કૂલમાં મૂકીશું?” શીલાએ હિરેનને પૂછ્યું, “અંગ્રેજી શાળામાં મૂકીશું કે પછી ગુજરાતી સ્કૂલમાં મૂકીશું ?”

“તું કઈ નિશાળમાં ભણી છે?” હિરેનભાઈએ પૂછ્યું.

“હું તો ગુજરાતી નિશાળમાં ભણી છું,” શીલાએ કહ્યું, “પછી કોલેજ જોઈન કરીને B.A કર્યું.”

“હું પણ ગુજરાતી નિશાળમાં ભણ્યો છું,” હિરેનભાઈ બોલ્યા, “ને પછી M.Com. કર્યું ને આ ફેક્ટરી ખોલી. હવે સાંભળ, બાળકમાં શક્તિ હોય તો એ ગુજરાતી નિશાળમાં ભણીને પણ આગળ આવી શકે છે એટલે આપણે નજીકની મ્યુનિસિપાલિટીની સ્કૂલમાં એને દાખલ કરી દઈએ પછી કોલેજ સારામાં સારી શોધીને એને ગ્રેજ્યુએટ બનાવીશું. તું ચિંતા ન કર, હું કાલથી જ તપાસ શરૂ કરીશ.”




હિરેનભાઈએ બીજા દિવસથી તપાસ શરૂ પણ કરી દીધી અને જૂન મહિનામાં આભાને પહેલા ધોરણમાં દાખલ પણ કરી દીધી.

વરસને વિતતા તો ક્યાં વાર લાગે છે? જોતજોતામાં આભા બારમું ધોરણ પણ પ્રથમ વર્ગ સાથે પાસ થઈ ગઈ. હવે એને કોલેજમાં મૂકવાનો પ્રશ્ન સામે આવ્યો.

બધી તપાસ કરીને હિરેનભાઈએ આભાને ભાલોડિયા આર્ટસ કોલેજમાં એડમિશન અપાવી દીધું.

“બેટા,” હિરેનભાઈએ કહ્યું, “તને થોડું દૂર પડશે પણ કોલેજ સારી છે, તને મઝા આવશે.”

“મને એક્ટિવા અપાવી દો પપ્પા,” આભાની દંતપંક્તિઓમાંથી શબ્દો સર્યા, “હું એ લઈને જ કોલેજ જઈશ એટલે તમને ચિંતા નહીં.”

“સારું બેટા,” હિરેનભાઈ બોલ્યા, “કાલે મારી સાથે આવજે, તને જે કલરનું જોઈએ એ કલરનું એક્ટિવા તને અપાવી દઈશ. બસ?”

આભા તો હિરેનભાઈને વળગી પડી.

“તમને દીકરી બહુ વહાલી છે,” શીલાએ છણકો કર્યો, “બહુ માથે ન ચડાવશો, પછી એ પરણીને જશે ત્યારે બે હાથે માથું પકડીને રોતાય નહીં આવશે.”

“અરે ગાંડી,” હિરેનભાઈ બોલ્યા, “આભા તો મારો કાળજાનો કટકો છે, મારી આંખનું રતન છે, એ સાસરે જશે ત્યારે હું રડીશ નહીં એની ગેરંટી આપું છું. ભલે મારું અંતર રડતું હોય.”

એ પછી તો એ ચર્ચા સમાપ્ત થઈ. બીજા દિવસે હિરેનભાઈએ એક્ટિવાના શો-રૂમમાં જઈને આભાને ગમતું એક્ટિવા પણ અપાવી દીધું. પંદરમી જૂને કોલેજ શરૂ થઈ ગઈ ને આભા રોજ જવા લાગી.

પહેલા સેમેસ્ટરનું એનું પરિણામ સરસ આવ્યું. પછી તો સેમેસ્ટર પર સેમેસ્ટર પસાર થવા લાગ્યા ને ત્રીજા વરસે તો આભા ફર્સ્ટ ક્લાસ સાથે B.A પાસ થઈ ગઈ!

એ દિવસે હિરેનભાઈએ ફરી બધાને પાર્ટી આપી-એ જ લગભગ 300 માણસો યોગીનગરની શેરી નંબર પાંચમાં આવી ગયા. રંગેચંગે પાર્ટી પૂરી થઈ.

“હવે તો આભા ગ્રેજ્યુએટ પણ થઈ ગઈ,” એ રાત્રે શીલાએ કહ્યું, “હવે એના માટે છોકરો શોધવાનું શરૂ કરી દઈએ તો?”

“હમણાં થોડા દિવસ એને હરવા-ફરવા દે,” હિરેનભાઈ બોલ્યા, “આપણે એને લઈને કેરાલા કે દુબાઈ ફરી આવીએ પછી એના માટે છોકરો શોધીએ.”

શીલા રાજી થઈ ગઈ ને બીજે દિવસે રાજકોટના જ એક ટ્રાવેલ એજન્ટ સાથે મળીને હિરેનભાઈએ કેરાલાનો સાત દિવસનો પ્રવાસ નક્કી કરી નાખ્યો.

યોગાનુયોગ, કેરાલામાં મુન્નારમાં જ એમને સુરતનું એમની જ્ઞાતિનું એક કુટુંબ મળી ગયું. પતિનું નામ શાંતિભાઈ, પત્ની કામિની અને એમનો યુવાન સોહામણો દીકરો હતો જનક.

છેક ત્રિવેન્દ્રમ સુધીમાં તો આ બન્ને કુટુંબોને એકબીજા સાથે સારું ફાવી ગયું. સૌથી વધુ તો આભા અને જનકને વધુ ફાવી ગયું.

“તને જનક ગમ્યો છે દીકરી?” ત્રિવેન્દ્રમ એરપોર્ટ પર જ શીલાએ આભાને પૂછી લીધું. જવાબમાં આભા મંદ હસીને નીચું જોઈ ગઈ! શીલા સમજી ગઈ.

“સાંભળ્યું,” શીલાએ હિરેનભાઈને પ્લેનમાં બેસતા પહેલાં કહ્યું, “છોકરો સારો છે, મને ને આભાને ગમ્યો છે, તમને ગમ્યો હોય તો એ લોકોને પૂછીને આપણે રાજકોટ આપણું ઘર જોવા બોલાવીએ.’’

“છોકરો તો મને પણ ગમ્યો છે,” હિરેનભાઈ બોલ્યા, “આપણે મુંબઈથી પ્લેન બદલવાનું છે ને એમને પણ બદલવાનું છે. એ વખતે હું એમને વાત કરી દઈશ ને રાજકોટ બોલાવીશ.”

મુંબઈ તો દોઢ કલાકમાં આવી પણ ગયું. બહાર આવીને હિરેનભાઈએ શાંતિભાઈને વાત કરી. જો કે એ પહેલાં એ કુટુંબમાં આભાની વાત ચર્ચાતી જ હતી એટલે એમણે રાજકોટ આવવાનું સ્વીકાર્યું.

બીજા મહિને એ કુટુંબ રાજકોટ આવ્યું. જનક અને આભા એકબીજાને ગમતાં જ હતાં એટલે સીધી સગપણની વિધિ જ પતાવી દેવાઈ ને ત્રણ મહિના પછી લગ્નનું સારું મુહૂર્ત આવતું હતું, એ વખતે લગ્ન કરવાનું પણ નક્કી થઈ ગયું. લગ્ન આવ્યા ને પતી પણ ગયા. આભા પરણીને સાસરે ગઈ. હિરેનભાઈ શીલાને આપેલા વચન પ્રમાણે આભાની વિદાય વખતે રડ્યા નહીં પણ એ રાત્રે એ એટલું રડ્યા કે રાત આખી ભીંજાઈ ગઈ!

દસ દિવસ પછી આભા સાસરેથી રિવાજ મુજબ પિયર આવી ત્યારે એના પગમાં ચંચળતાને બદલે ગંભીરતા પ્રવેશી ગઈ હતી!

“ક્યારે તને તેડવા આવવાના છે?” હિરેનભાઈએ પૂછ્યું.

“આવતા વીકમાં આવશે પપ્પા,” આભા બોલી, “બે-ચાર દિવસ રોકાશે.”

“સારું સારું,” હિરેનભાઈ બોલ્યા, “આપણી ગાડી લઈને એમને રાજકોટમાં બધે ફેરવજે.”

બીજા અઠવાડિયે જનક આવી પણ ગયો. એ દિવસે તો એ લોકો ક્યાંય ફરવા ન ગયા, રાત્રે માત્ર રાજકોટનો પ્રખ્યાત ગોળો ખાવા ગયા.

“જનકકુમાર,” હિરેનભાઈએ બીજા દિવસે કહ્યું, “અહીં ગેમ ઝોન સરસ છે, આખો એરકન્ડિશન્ડ છે એટલે બપોરના તમે ત્યાં જાવ, બહુ મઝા આવશે.”

“હા પપ્પા,” આભા બોલી, “ત્રણ વરસથી છે પણ હું પણ જોવા નથી જઈ શકી, આજે અમે જમીને ત્યાં જઈશું.”

બપોરે એક વાગ્યે જમીને ગાડી લઈને બન્ને ગેમઝોન પર જવા નીકળી ગયાં.

સાંજના ચારેક વાગ્યે આખા રાજકોટમાં હો-હા થવા લાગીઃ ગેમઝોનમાં ભીષણ આગ લાગી છે !

હિરેનભાઈ ફેક્ટરી પરથી મેનેજરની ગાડી લઈને મારંમાર ઘેર આવ્યા. એ ઘેર આવ્યા ત્યારે શીલા રડતી હતી.

“સાંભળ્યું તમે,” શીલા બોલી, “ગેમ ઝોનમાં આગ લાગી છે, લોકો કહે છે કે કોઈ બચ્યું નથી. આપણી દીકરી ને જમાઈ”

બાકીનું એ બોલી ન શકી. “ચાલ,” હિરેનભાઈએ કહ્યું, “આપણે ત્યાં જતા આવીએ.” બન્ને મારતી ગાડીએ ત્યાં જવા નીકળ્યાં. આગળ રસ્તો પોલીસે બંધ કર્યો હતો, લોકોના ટોળેટોળા હતા ને ચારેબાજુ ધુમાડાના ગોટેગોટા ફેલાયેલા હતા. અગ્નિની જવાળાઓ પણ ક્યારેક દેખાઈ જતી હતી. હિરેનભાઈની આંખે અંધારા આવી ગયા. શીલા તો આ દ્રશ્ય જોઈને ગાડીમાં જ બેભાન થઈ ગઈ. હિરેનભાઈ પહેલાં એને લઈને એક હોસ્પિટલ ગયા.

“એમને આઘાત લાગ્યો છે,” ડૉક્ટરે કહ્યું, “એટલે એ બેભાન થઈ ગયાં છે પણ ચિંતા ન કરો, મેં દવા આપી છે. એ અર્ધા કલાકમાં ભાનમાં આવી જશે પણ, હવે એ જગ્યાએ તમે એને ન લઈ જશો.”

હિરેનભાઈનું શરીર અહીં હતું પણ એમનો આત્મા તો ગેમઝોનમાં આંટા મારતો હતો. જિંદગીમાં પહેલી વાર જાહેરમાં એમની આંખમાંથી આંસુ સરી પડ્યાં.

લગભગ અડધા કલાકે ડૉક્ટર એમની પાસે આવ્યા.

“તમારા મિસિસ ભાનમાં આવી ગયાં છે,” ડૉક્ટર બોલ્યા, “હવે તમે એમને ઘેર મૂકી આવો ને પછી તમે ગેમઝોન પર જવું હોય તો જજો.”

“જવું જ પડશે સાહેબ,” હિરેનભાઈ બોલ્યા, “મારી દીકરી ને જમાઈ ત્યાં.” એ આગળ બોલી ન શક્યા. શીલાને ગાડીમાં બેસાડીને હિરેનભાઈએ રૈયા રોડ પર ગાડી લીધી. રૈયા ચોકડીથી એ પોતાની શેરીમાં પ્રવેશ્યા ત્યારે એમણે પોતાની ગાડી ઘેર પડેલી જોઈ! એમની આંખો પહોળી થઈ ગઈ. એમણે ગાડી ઘર પાસે ઊભી રાખી અને એ અને શીલા ઓસરીમાં આવ્યાં ત્યારે એમના ઘરનું બારણું ખુલ્લું હતું! બન્ને અંદર પ્રવેશ્યાં ત્યારે ડાઈનિંગ ટેબલ પર આભા ને જનકકુમાર ચા પીતાં હતાં!

શીલાની આંખો પહોળી થઈ ગઈ.

“તમેતમે બન્ને” શીલા આટલું જ બોલી શકી.

“હા મમ્મી,” અમે ગેમઝોન જવા નીકળ્યાં હતાં પણ એમણે કહ્યું કે, ‘‘ગેમઝોન જોવા કાલે જઈશું, મારે ચોટીલા ચામુંડા દર્શન કરવાની બાધા છે. મને ચામુંડા માતા પર વિશ્વાસ છે એટલે ત્યાં જતા આવીએ એટલે અમે ચોટીલા જઈ આવ્યાં!”

“અરે બાપ,” શીલા બોલી, “માતાજીએ તમને બચાવી લીધાં,મારોતો....”આટલુંબોલીનેશીલાફરીબેભાનથઈગઈ.

(શીર્ષકપંક્તિઃ જયમન વાળા “જલન”)